# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : જયદીપ વૈષ્ણવ

### કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ- ૦૫-૦૫-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫**

-----------------------------------------------------------------------------------------

## પ્રચાર પડઘમ બંધ :

આગામી સાતમી મેના રોજ રાજ્યની 25 લોકસભા અને વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકોની ચૂંટણી માટે આજે સાંજે છ વાગ્યે જાહેર પ્રચાર પડઘમ બંધ થયા છે.સમગ્ર રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી માટે પૂરતો બંદોબસ્ત પણ કરવામાં આવ્યો છે.

રાજ્યના ચૂંટણી પંચે લોકસભા અને ખાલી પડેલી વિધાનસભાની બેઠકો માટે સાતમી મેના રોજ યોજાનાર ચૂંટણી માટે ઝીણવટપૂર્વક તમામ વ્યવસ્થાઓ પૂર્ણ કરવામાં આવી છે.ઇવીએમ અને વીવીપેટ કમિશનીંગની કામગીરી પૂર્ણ થઇ ગઇ છે.

મતદાનના દિવસે ગરમીથી બચવા માટે તમામ મતદાન મથકોએ ખાસ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે.રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીએ કહ્યું છે કે,85 વર્ષથી વધુ વય ધરાવતા કુલ 12 હજાર 892 મતદારો તથા 3 હજાર 38 દિવ્યાંગ મતદારોએ મતદાન કર્યું છે.

આજે સાંજે છ વાગ્યાથી ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ છે તેથી મતદાર ન હોય અને મતવિભાગમાં પ્રચાર અર્થે બહારથી આવેલા હોય તે લોકોને પ્રચાર બંધ થતાં જ તરત જ મતવિભાગ છોડીને જતા રહેવા સૂચના અપાઇ છે.

**RNU અમદાવાદ**

---

## ભુજમાં રન ફોર વોટ :

આજે સવારે કચ્છ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર અમિત અરોરા સહિતના ઉચ્ચ અધિકારીઓએ ભુજના જ્યુબિલી ગ્રાઉન્ડથી મતદાન જાગૃતિ માટે આયોજિત "રન ફોર વોટ"ને લીલીઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું હતું. મતદાન જાગૃતિ માટે યોજાયેલી આ દોડનું કલેકટર કચેરીએ સમાપન થયું હતું."રન ફોર વોટ"માં મોટી સંખ્યામાં નાગરિકો અને અધિકારીઓ-કર્મચારીઓએ ઉપસ્થિત રહીને મતદાન કરવાનો સંદેશ આપ્યો હતો.ગાંધીધામ ખાતે પણ "રન ફોર વોટ" નું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો  આશય નાગરિકોને મતદાનના દિવસે સંપૂર્ણ પરિવાર સાથે મતદાન કરવા માટે પ્રેરિત કરવાનો હતો.

**માહિતી ખાતું**

---

## અવસર ડિસ્કાઉન્ટ :

લોકસભા ચૂંટણી અન્વયે ૦૭મે ના મતદાન થશે.વધુમાં વધુ મતદાન થાય તે બાબતને પ્રોત્સાહન આપવા  માટે કચ્છ જિલ્લા ચૂંટણી તંત્રે પેઢીઓ,સંસ્થાઓ સાથે સંકલન કરીને અવસર ડિસ્કાઉન્ટનો અનોખો ઉપક્રમ શરૂ કર્યો છે.જે અંતર્ગત કચ્છમાં મતદાન કરનારા નાગરિકોને ૦૭મે, ના હોટેલ, મોલ, રિસોર્ટ સહિત વિવિધ જગ્યાએ ૦૫ થી  ૩૦ ટકા સુધીનું ડિસ્કાઉન્ટ મળશે.જિલ્લામાં અલગ-અલગ તાલુકામાં ૭૬ જેટલી સંસ્થાઓ,પેઢીઓ, રિસોર્ટ, શોપ ખાતે અવસર ડિસ્કાઉન્ટનો લાભ મતદારો મતદાન કરીને લઈ શકશે.

---

## કચેરીઓમાં રજા :

મંગળવારે લોકસભાની ચૂંટણીને લઇ સરકારી કચેરીઓમાં રજા જાહેર કરાઇ છે.ભુજ અને મુન્દ્રા સબ રજિસ્ટ્રાર કચેરી સિવાયની કચેરીઓના કર્મચારીઓ ચૂંટણી કામગીરીમાં રોકાયેલા હોઇ બાકીના 8 તાલુકા મથકની સબ રજિસ્ટ્રાર કચેરી સોમથી બુધ 3 દિવસ બંધ રહેશે.આ ઉપરાંત કચ્છની 508 નાની-મોટી ટપાલ કચેરી, બેન્કો, મામલતદાર કચેરીઓ સહિતની તમામ સરકારી કચેરીઓ મતદાનના દિવસે બંધ રહેશે.મંગળવારે ભુજનું સ્મૃતિવન મ્યૂઝિયમ અને મેમોરિયલ પણ જાહેર જનતા માટે બંધ રહેશે.

**NP-જયદીપ વૈષ્ણવ**

---

## આરટીઈ પ્રવેશ :

કચ્છમાં રાઇટ ટુ એજ્યૂકેશન યોજના હેઠળ જેમણે ફોર્મ ભર્યા છે અને પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ નથી મળ્યો તેમના માટે તા. 8 મે સુધી શાળા પસંદગીમાં વાલી ઈચ્છશે તો ફેરફાર કરી શકશે. આ માટેની પ્રક્રિયાનો આરંભ કરાયો છે. આ બાબતે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ભૂપેન્દ્ર સિંહ વાઘેલાએ વિગતો આપતા જણાવ્યું હતું કે કચ્છ જિલ્લામાં 3797 જેટલા ફોર્મ ભરાયાં હતાં.જેમાં 2340 માન્ય અરજી પૈકી પ્રથમ રાઉન્ડમાં 1123 વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો. તે રાઉન્ડમાં પ્રવેશ ન લીધો હોય તથા અન્ય ખાલી રહેલી જગ્યાઓ પર બીજા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

**NP-જયદીપ વૈષ્ણવ**

---

## મોટા અંગિયા બાલિકા પંચાયત :

મતદાન જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત મોટા અંગિયા ગામની બાલિકાઓ દ્વારા આકર્ષક રંગોળી અને સાંજે કેન્ડલ માર્ચ જેવા કાર્યક્રમો યોજાયા હતા.ગામની બાલિકાઓ દ્વારા મહિલાઓ અને વડીલોને મતદાન કરવા સમજ આપવામાં આવી હતી. આ પ્રસંગે સરપંચ અને ગ્રામ પંચાયતના સભ્યો દ્વારા ગામમાં ૧૦૦ ટકા મતદાન કરવા આહ્વાન કરવામાં આવ્યું હતું.

**માહિતી ખાતું**

---